RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 351 * Date: 12.10.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

પીએમ મોદીએ વિજય સાથે મેટ્રોમાં મુસાફરી કરી:ચેન્નાઈમાં ટ્રેનના ફેઝ-૨નું ઉદ્ઘાટન; વિધાનસભા ચૂંટણી બાદ તમિલનાડુની પ્રથમ મુલાકાત







પીએમ મોદી આજે ચેન્નાઈની મુલાકાતે છે. તેમણે ચેન્નાઈ મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટના ૧૪.૬ કિમી લાંબા પૂનમલ્લી-વડાપાલાની રૂટનું ઉદ્ઘાટન કર્યું.આ પછી પીએમએ પોતે ટ્રેનમાં મુસાફરી કરી, આ દરમિયાન તમિલનાડુના સીએમ વિજય પણ તેમની સાથે હાજર હતા. ત્યારબાદ મોદી આ રૂટ પર પૂનમલ્લીથી પોરુર સુધી ટ્રેનમાં મુસાફરી પણ કરી.મોદીની મુલાકાત પહેલાં અનેક વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ગ્રેટર ચેન્નાઈ પોલીસે મીનમ્બક્કમ, ગિન્ડી, કોટ્ટૂરપુરમ, પોરુર અને નંદમ્બક્કમની આસપાસના વિસ્તારોને રેડ ઝોન જાહેર કર્યા છે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી બાદ પીએમ મોદીની આ પ્રથમ ચેન્નાઈ મુલાકાત છે.પીએમ મોદી બ્રિટિશ કાળના પુનઃસ્થાપિત વેલ્લોર કેન્ટોનમેન્ટ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન પણ કરશે. આ સ્ટેશન વેલ્લોર શહેરમાં ૧૬મી સદીના કિલ્લા પાસે આવેલું છે.રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોદી ચેન્નાઈથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે. ચેન્નાઈમાં તેઓ રાજ્યમાં દક્ષિણ રેલવેના પૂર્ણ થયેલા અનેક કામોનું ઉદ્ઘાટન કરવાના છે.વેલ્લોર કેન્ટોનમેન્ટ સ્ટેશન તિરુવન્નામલઈ અને તિરુપતિ જેવા બે તીર્થસ્થળોની વચ્ચે આવેલું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પુનઃસ્થાપન બાદ લાંબા અંતરના મુસાફરોને વધુ સારી સુવિધાઓ મળશે.મુલાકાતને ધ્યાનમાં રાખીને ચેન્નાઈમાં પાંચ સ્તરની કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર શહેરની સુરક્ષા માટે આશરે ૧૫,૦૦૦ પોલીસ જવાનો અને ઉચ્ચ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.ચેન્નાઈ એરપોર્ટ, પોરુર બાયપાસ મેટ્રો સ્ટેશન, આઈઆઈટી મદ્રાસ, ચેન્નાઈ ટ્રેડ સેન્ટર અને ગિન્ડી રાજભવન જેવા મહત્વપૂર્ણ સ્થળોએ સુરક્ષા અત્યંત કડક કરી દેવામાં આવી છે.પોલીસ કમિશનરે વરિષ્ઠ અધિકારીઓ સાથે સમગ્ર તૈયારીઓની સમીક્ષા કરી છે

મણિપુરમાં હિંસા ભડકી, પનાં મોત

મણિપુરના કામજોંગ અને ઉખરુલમાં શનિવારે સશસ્ત્ર જૂથો વચ્ચે થયેલી અથડામણોમાં એક મહિલા સહિત પાંચ લોકોનાં મોત થયા છે. જોકે પૂર્વ મુખ્યમંત્રી બીરેન સિંહનો દાવો છે કે ૭ લોકો માર્યા ગયા છે, જ્યારે એક પોલીસ સ્ટેશનને આગ ચાંપી દેવામાં આવ્યું છે.

નાગા-બહુમતી ધરાવતા કામજોંગના કુકી-બહુમતી ધરાવતા ચસાડ ગામમાં ૨૨ વર્ષના એક યુવક અને ૪૨ વર્ષની એક મહિલાનું મોત થયું છે. મહિલાને ગોળી મારવામાં આવી હતી.

હત્યા બાદ શુક્રવારની રાતથી કુકી અને નાગા સશસ્ત્ર જૂથો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો, જે શનિવારની સવાર સુધી ચાલુ રહ્યો. આ દરમિયાન ૧૦ ઘરોને પણ આગ ચાંપી દેવામાં આવી હતી.

ફેબ્રુઆરીમાં મણિપુરમાં ફરી શરૂ થયેલી હિંસાની ઘટનાઓથી અત્યાર સુધીમાં આશરે ૪૦ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે.હિંસાની ઘટનાઓ ઉખરુલ, કામજોંગ, કાંગપોકપી, તામેંગલોંગ અને નોની ઉપરાંત સેનાપતિના કેટલાક વિસ્તારોમાં બની છે.

કુકી-બહુલ ગામ 'ચસાડ'માં મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી. ત્યાર બાદ જ બંને સમુદાયો વચ્ચે હિંસા ભડકી ઊઠી.

કુકી-બહુલ ગામ 'ચસાડ'માં મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી. ત્યાર બાદ જ બંને સમુદાયો વચ્ચે હિંસા ભડકી ઊઠી.ઉખરુળ જિલ્લામાં બનેલી એક અલગ ઘટનામાં, શંકાસ્પદ ઉગ્રવાદીઓના ગોળીબારમાં ચેપુ યાઓલેન નજીક ૪૦ વર્ષીય સંદીપ રાયની ગોળી મારીને હત્યા કરવામાં આવી.ઉખરુળ જિલ્લામાં બનેલી એક અલગ ઘટનામાં, શંકાસ્પદ ઉગ્રવાદીઓના ગોળીબારમાં ચેપુ યાઓલેન નજીક ૪૦ વર્ષીય સંદીપ રાયની ગોળી મારીને હત્યા કરવામાં આવી.એક અલગ ઘટનામાં કમજોંગમાં મ્યાનમાર સરહદ પાસે આવેલી તાંગખુલ નાગા વસાહતના 'નિંગચો' ગામમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓ ઘૂસી આવ્યા અને ગોળીબાર શરૂ કર્યો. ગોળી વાગવાથી બે લોકોનાં મોત થયાં.



દેશમાં છોકરીઓના જન્મના પ્રમાણમાં સુધારો:દર ૧૦૦૦ છોકરાઓ પર હવે ૯૩૦ છોકરીઓ, પહેલાં ૯૧૯ હતી



દેશમાં દીકરીઓના જન્મનું પ્રમાણ સુધર્યું છે. 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનના શરૂઆતના જિલ્લાઓમાં થયેલા ફેરફારો પર કરવામાં આવેલા એક સંશોધનમાં સામે આવ્યું છે કે દર ૧,૦૦૦ જન્મે આશરે ૧૫ વધારાની દીકરીઓના જન્મનો અંદાજ છે. તેની અસર એવા પરિવારોમાં વધુ જોવા મળી, જેમનું પ્રથમ સંતાન દીકરી હતું.

૨૦૧૫-૧૬માં દર ૧,૦૦૦ દીકરાઓ સામે ૯૧૯ દીકરીઓનો જન્મ થતો હતો. હવે આ પ્રમાણ વધીને ૯૩૦ થયું છે. જોકે, દેશના ૭૫૭ જિલ્લાઓમાંથી માત્ર ૨૬ જિલ્લાઓમાં જ જન્મ સમયે દીકરીઓની સંખ્યા દીકરાઓ કરતાં વધુ નોંધાઈ છે.

આનાથી જાણવા મળે છે કે સુધારા છતાં લિંગભેદ યથાવત્ છે. બીજી તરફ, શિક્ષણના મામલે દીકરીઓ હજુ પણ પાછળ છે. યુનેસ્કોના અહેવાલ મુજબ, ગ્રામીણ ભારતમાં ધોરણ ૧૧-૧૨નું શિક્ષણ પૂર્ણ કરનારા દર ૧૦૦ દીકરાઓ સામે માત્ર ૫૯ દીકરીઓ જ આ સ્તર પૂર્ણ કરી શકે છે.

'પાથ ટુ લિસ ઈન્ટરવેન્શન્સ એન્ડ ધ સેક્સ રેશિયો એટ બર્થ: એવિડન્સ ફ્રોમ ઈન્ડિયા' રિપોર્ટ મુજબ, બીજી અને ત્યાર પછીની સંતાનોમાં દીકરીના જન્મની સંભાવના ૨.૧% વધી. જે પરિવારોની પહેલી સંતાન દીકરી હતી, ત્યાં બીજી સંતાન પણ દીકરી થવાની સંભાવના ૩.૭થી ૫.૩ ટકા પોઈન્ટ સુધી વધી ગઈ.એટલે કે આવા પરિવારોમાં દર ૧,૦૦૦ જન્મે ૩૭થી ૫૩ વધારાની દીકરીઓના જન્મનો અંદાજ છે. તેનાથી વિપરીત, પહેલી સંતાન દીકરો હોય તેવા પરિવારોમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.

દેશના ૭૫૭ જિલ્લાઓના આંકડાઓમાં ૨૬ જિલ્લાઓમાં જન્મ સમયે પ્રત્યેક ૧,૦૦૦ છોકરાઓ સામે ૧,૦૦૦ કરતાં વધુ છોકરીઓ નોંધાઈ. જ્યારે, ૨૪૩ જિલ્લાઓમાં આ પ્રમાણ ૯૫૦થી ૧,૦૦૦ વચ્ચે રહ્યું. તેમાં રુદ્રપ્રયાગ, કપૂરથલા, બારામુલા, પુલવામા, નોર્થ ગોવા, જેસલમેર અને ઉડુપી સામેલ છે.

ગોવા, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ અને કેરળ જન્મ સમયે લિંગ અનુપાતના મામલે વધુ સારી સ્થિતિમાં છે. શિક્ષણને લઈને 'શિક્ષણ સુધી પહોંચમાં લિંગ સમાનતા' શીર્ષક ધરાવતી યુનેસ્કોની અહેવાલમાં ૩૧ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં અભ્યાસના તફાવતનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ભારતમાં ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરવાના મામલે દર ૧૦૦ છોકરાઓની સામે ૮૯ છોકરીઓ આ સ્તર પૂર્ણ કરી શકે છે.

તંત્રી લેખ

કૃષિ ચીજવસ્તુઓના ઊંચાભાવથી ખાદ્ય ફુગાવો વકરવાના એંધાણ

ગ્રાહક બાબતોના વિભાગના પ્રાઈસ મોનિટરિંગ સેલ મુજબ, ચોખા, ખાંડ, સરસવનું તેલ અને ડુંગળી સહિતની મુખ્ય કૃષિ ચીજવસ્તુઓના છૂટક ભાવ પાછલા વર્ષની સરખામણીએ નોંધપાત્ર રીતે ઊંચા સ્તરે છે. આ ચીજવસ્તુઓના ભાવમાં વૃધારાનું કારણ ઉત્પાદનમાં ઘટાડો અને વૈશ્વિક બજારમાં ઊંચા ભાવો છે. આ ચીજવસ્તુઓના ઊંચા ભાવો આગામી મહિનાઓમાં ખાદ્ય ફુગાવો વૃધુ વૃધારે તેવી શક્યતા છે.

ગત વર્ષની સરખામણીએ ઓગસ્ટ મહિનામાં રિટેલ ખાદ્ય ફુગાવો ૫.૯૫% રહ્યો હતો, જેનું મુખ્ય કારણ આદુ, લસણ, ડુંગળી, ખાંડ અને ખાદ્ય તેલના ભાવમાં વૃધારો હતો. સપ્ટેમ્બર મહિના માટે ગ્રાહક ભાવ સૂચકાંકના આંકડા સોમવારે જાહેર થવાના છે.

હાલમાં ડુંગળીના સરેરાશ રિટેલ ભાવ વધીને રૂ. ૫૩.૫૨ પ્રતિ કિલો થયા હતા, જે એક વર્ષ અગાઉ કરતાં ૧૦૦% વૃધુ છે. છેલ્લા એક મહિનામાં છૂટક ભાવમાં ૫૦% થી વધુનો વધારો થયો છે, જ્યારે દિલ્હી-એનસીઆરમાં ભાવ રૂ. ૬૦ પ્રતિ કિલોને વટાવી ગયા છે.

જોકે, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને રાજસ્થાનમાં ખરીફ પાકની નવી આવક શરૂ થવા, વાવેતર વિસ્તાર વધવા અને પાકની સ્થિતિ મજબૂત હોવાને કારણે મહારાષ્ટ્રમાં સરેરાશ મંડીના ભાવમાં લગભગ ૧૩%નો ઘટાડો જોવા મળ્યો છે.ભાવવૃધારાને નિયંત્રિત કરવા માટે સરકારે તેના બફર સ્ટોકમાંથી રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે ડુંગળી વેચવાનું શરૂ કર્યું છે, જ્યારે સૂત્રોનું કહેવું છે કે ખરીફ પાકની સંપૂર્ણ આવક ન થાય ત્યાં સુધી ઓક્ટોબરના અંત સુધી ભાવ વધવાની શક્યતા છે.

૨૮ વર્ષની ઉંમરે રિયલ એસ્ટેટથી ગુજરાતી સિનેમા સુધીઃપ્રોડ્યુસર જશ વીરાની 'મિત્રતા'ની સફળ સફર





૨૫ સપ્ટેમ્બરે ગુજરાત ને મુંબઈમાં ગુજરાતી ફિલ્મ 'મિત્રતા' રિલીઝ થઈ. આ ફિલ્મને જશ નીતા પ્રફુલ વીરાએ પ્રોડ્યુસ કરી છે. જશ નીતા પ્રફુલ વીરા માત્ર ૨૮ વર્ષના છે અને તેમણે મુંબઈમાં રિયલ એસ્ટેટ, હૉસ્પિટાલિટી, થિયેટરમાં પોતાનું આગવું નામ બનાવ્યું છે. જશે પહેલા રિયલ એસ્ટેટ કંપની વીરા ગ્રુપ ઊભી કરી. ત્યારબાદ પર્ફોમિંગ આર્ટ્સમાં કામ કરવાનું શરૂ કર્યું. હવે તેમણે ફિલ્મ 'મિત્રતા'થી ગુજરાતી સિનેમામાં ડેબ્યૂ કર્યું છે.જશે રિયલ એસ્ટેટમાં અત્યાર સુધી મુંબઈના અલગ-અલગ એરિયામાં નવથી વધુ સ્કીમ બનાવી છે. જશ પોતાના નામની પાછળ પિતા ને માતા એમ બંનેનું નામ લખાવે છે.રિયલ એસ્ટેટમાં સફળતા મેળવ્યા બાદ ઈસ્ટ મુંબઈમાં થિયોના રેસ્ટોરાં શરૂ કરી. રેસ્ટોરાં બિઝનેસ સફળ થતાં જ વીર એન્ટરટેઈનમેન્ટ એન્ડ મીડિયાના માધ્યમથી 'ભારતનો લાડકવાયોઃ દીનદયાળ' નાટકથી થિયેટરમાં ડેબ્યૂ કર્યું. આ નાટક સફળ રહ્યું ને પછી 'જશ વીરા ફિલ્મ્સ'થી 'મિત્રતા' ફિલ્મ પ્રોડ્યુસ કરી. જશ વીરાએ આ ફિલ્મ પાર્થિવ ગોહિલ-માનસી પારેખ સાથે રહીને કો પ્રોડ્યુસ કરી છે.

વડોદરાઃ ઓનલાઇન ખરીદી કરનાર મહિલા સાથે દોઢ લાખની ઠગાઈ



આજવા રોડ કમલાનગર તળાવ રોડ પાસે યોગીરાજ હબ એન્ડ હાઈટ્સ માં રહેતા ખુશ્બુ નિલેશકુમાર પટેલે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ૨ ઓક્ટોબરના રોજ મેં ફ્લીપકાર્ટ પરથી રૂ. ૨,૪૦૦ના સ્લીપર ઓર્ડર કર્યા હતા. સ્લીપરની સાઈઝ યોગ્ય ન હોવાથી મેં ઓર્ડર કેન્સલ કર્યો અને પાર્સલ પરત લઈ જવામાં આવ્યું, પરંતુ મારા નાણાં બેંક ખાતામાં જમા થયા નહોતા.

આથી મેં ગૂગલ પર ફ્લીપકાર્ટ કસ્ટમર કેરનો નંબર શોધ્યો હતો. ત્યારબાદ ૭ ઓક્ટોબરના રોજ મારા વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો. સામેવાળાએ પોતે કસ્ટમર કેરમાંથી બોલે છે તેમ કહી મારી પાસે ઓર્ડર આઈડી માંગી હતી અને રીફંડ આપવાના બહાને વોટ્સએપ વીડિયો કોલ કરી મારા મોબાઈલની સ્ક્રીન શેર કરાવી હતી.સ્ક્રીન શેર થતાં જ સાયબર ઠગે મારા ફોનનો અનઅધિકૃત એક્સેસ મેળવી લીધો હતો. મારા ફોનમાં બ્લેક સ્ક્રીન આવી ગઈ હતી અને ફોન અચાનક બંધ થઈ ગયો હતો. ત્યારબાદ મેં ફોન ચાલુ કરીને તપાસ કરતા મારા બે અલગ-અલગ બેંક ખાતાઓમાંથી કુલ ૧૦ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૧,૪૫,૩૮૬.૫૧ ઉપડી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું.

બાપુનગરમાં લગ્નના નામે છેતરપિંડીનો આક્ષેપ, રૂ. ૩ લાખ પડાવ્યા બાદ પત્ની દાગીના લઈને ફરાર

બાપુનગર વિસ્તારમાં લગ્ન કરાવી રૂ. ૩ લાખ પડાવી લીધા બાદ પત્ની ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયાનો કિસ્સો સામે આવ્યો છે. કાલુપુર સીટી સેન્ટરની એક દુકાનમાં નોકરી કરતા ૩૮ વર્ષીય યુવકના પરિવારે નાણાં પરત માગતાં પત્ની સહિત સાસરીપક્ષના લોકોએ બંને ભાઈઓ સામે બળાત્કારનો કેસ કરવાની અને ઘરે આવી જીવનનો અંત આણવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે. આ મામલે બાપુનગર પોલીસે પત્ની, સાસુ, સાળા અને લગ્ન કરાવનાર વચેટિયા સહિત ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, બાપુનગરમાં રહેતા પરિવારના નાના પુત્રનાં લગ્ન માટે તેમના એક કૌટુંબિક સગા મારફતે વચેટિયા સુરેશભાઈ લહેરીચંદજી જૈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સુરેશભાઈએ વિજયાબેન ગણેશભાઈ ટોકલવાડની પુત્રી રૂપાલી સાથે યુવકનાં લગ્ન નક્કી કરાવ્યાં હતાં. રૂપાલી વિધવા હતી અને તેને આઠ વર્ષનો પુત્ર છે. ૨૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ લાલ દરવાજા ખાતે બંનેનાં લગ્ન થયાં હતાં. ત્યારબાદ શાહપુર વોર્ડમાં લગ્નની નોંધણી પણ કરાવવામાં આવી હતી. લગ્ન સમયે યુવકના પરિવારે વચેટિયા સુરેશભાઈને રૂ. ૩ લાખ રોકડા આપ્યા હતા.



લગ્ન બાદ રૂપાલી લગભગ એક મહિનો જ સાસરે રહી હતી. ત્યારબાદ કોર્ટમાં તારીખ હોવાનું કારણ આપી તે પિયર જતી રહી હતી. શરૂઆતમાં પાછા આવવા તૈયાર ન થતાં પરિવારે તેને સમજાવીને સાસરે બોલાવી હતી. જોકે, ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તે ફરી સાસરેથી જતી રહી હતી. આ વખતે તે ચાંદીની વીંટી, વીંછુડી અને પાયલ પણ સાથે લઈ ગઈ હતી. ત્યારથી તે પરત ફરી ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.પરિવારે લગ્ન સમયે આપેલા નાણાં પાછા માગતાં માત્ર રૂ. ૨૦ હજાર ગુગલ પે મારફતે પરત કરવામાં આવ્યા હતા. બાકીની રકમ પછીથી આપવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, વારંવાર નાણાંની માગણી કરતાં રૂપાલી, તેની માતા વિજયાબેન અને ભાઈ અભિષેકે ફોન પર ધમકી આપી હોવાનો આક્ષેપ છે. બંને ભાઈઓ સામે બળાત્કારનો કેસ કરવાની અને તેમના ઘરે આવી જીવનનો અંત આણશે તેવી કરવાની ધમકી મળતાં પરિવારે આખરે પોલીસનો સંપર્ક કર્યો હતો. બાપુનગર પોલીસે ચારેય સામે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ નોરતે કાગવડથી ખોડલધામ સુધી ભવ્ય પદયાત્રા યોજાઈઃનરેશ પટેલ-જયેશ રાદડિયા વચ્ચે ઉષ્માભર્યું મિલન; ખોડલધામ શિખર પર નૂતન ધ્વજારોહણ







આસો નવરાત્રિના પાવન પર્વના પ્રથમ નોરતે ખોડલધામ ખાતે ભક્તિમય માહોલ સર્જાયો હતો. કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી સતત ૧૬મા વર્ષે પરંપરાગત પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ પદયાત્રા દરમિયાન જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા અને નરેશ પટેલ વચ્ચે ઉષ્માભર્યું મિલન જોવા મળ્યું હતું.પદયાત્રાના પ્રારંભ પૂર્વે કાગવડ ગામના તત્કાલ હનુમાનજી મંદિર ખાતે માતાજીની મહાઆરતી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૯ વાગ્યે ડી.જે.ના તાલે અને ગરબાની રમઝટ સાથે 'જય મા ખોડલ'ના નાદ વચ્ચે પદયાત્રા આગળ વધી હતી. કાગવડથી





ખોડલધામ સુધીના ૩ કિલોમીટરના માર્ગ પર ૧ કિલોમીટર સુધી શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી.આ પદયાત્રામાં જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા, રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણી અને અનારબેન પટેલ સહિત ખોડલધામ ટ્રસ્ટના હોદ્દેદારો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.પદયાત્રા મંદિર પરિસરે પહોંચતાં પદયાત્રીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. અગ્રણીઓ અને ટ્રસ્ટીઓના હસ્તે મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું તેમજ યજ્ઞશાળામાં શાસ્ત્રોક્ત વિધિથી હવન યોજાયો હતો. નવરાત્રિના તમામ દિવસો દરમિયાન ખોડલધામ ખાતે દરરોજ હવન, મહાઆરતી અને શણગાર દર્શન સહિતના ધાર્મિક આયોજનો યોજાશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 0092
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક :પપ્પાની એ ખુરશી
પ્રકાર:પદ્ય શબ્દોઃ ૧૨૦

ખાલી ખુરશી બતાવી રહી છે,
વ્યક્તિત્વ એ જાજરમાન હતું.
હાથા પર સ્પર્શ અનુભવું છું,
મજબૂતીની સાથે એ વિશાળ હતું.

લીધાં છે કેટલાય નિર્ણયો ત્યાં બેસી,
દીર્ઘદ્રષ્ટિ ને દૂરદર્શી દિમાગ હતું.

જોઈ છે ચડતી - પડતી એમણે,
કેવું નિઃસ્પૃહ ને સ્થૈર્યભાવ હતું.

કેટલાંય આંસુની એ સાક્ષી છે,
છુપાવ્યા હતા જે દુનિયાથી.
બનાવટી સ્મિતને ઓઢી,
સ્વજનોના સૌખ્યને ઇચ્છનાર હતું.

વહેંચી છે ખુશી ત્યાં બેસી,
કર્યા છે અગણિત મંત્ર જાપો.
હજુય નાદ સંભળાય છે એનો,
કેવું એ જીવન શાનદાર હતું!

જ્યારે નિરાશા કે મૂંઝવણ આવે,
ત્યાં બેસી સમાધાન શોધું છું.
આપી ગયા છે એ વારસો જે,
જેનું એ માત્ર ખુદ હકદાર હતું.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

★★★★★★★

NOGSS 106
વિષય "ખાલી ખુરશી અને ભરેલી યાદો"
શીર્ષક "શોભાયમાન ખુરશી"
પ્રકાર:ગદ્ય
શબ્દો : ૧૧૧

મકાનમાં પ્રવેશતાંની સાથે જ, નજરે ચઢે છે, સીસમના લાકડાંની ચમકદાર, નકશીકામથી કોતરાયેલી, સુંદર આકર્ષક ખુરશી!
આહા! અત્યારે તો ખાલીખમ,એકલી અટૂલી ખુરશી! એક જમાનો હતો,એની જાહોજલાલીનો.
શું માહોલ હતો!
ચિટ્ઠીનાચાકરો-જીહજૂરીયાઓ-આસપાસ આંટા મારતા. રુપાળી લલનાઓ ચોવીસ કલાક સેવામાં હાજર રહેતી.
એવી એ શોભાયમાન ખુરશી! નિશાળમાં કે કૉલેજમાં ક્યાં હતી,એ ખુરશી! યાદ નથી. પણ એટલું ચોક્સ યાદ છે, અમારા વર્ગમાંથી કોઈ એક વિદ્યાર્થિનીને એ ખુરશી વાળા રૂમમાં બોલાવવામાં આવે, તો અમે થરથર કાંપતી, એકલી એ કેબિનમાં જવાનું નામ ન લેતી! એકબીજીને કોણી મારી કહેતી"હું એકલી નહિ જાઉં, તું પણ મારા સાથે આવને!"
મુક્તિદા કુમાર (મનચલી)

★★★★★★★

NOGG SS no 351
વિષયઃ ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃ યાદો
પ્રકારઃ પદ્ય શબ્દ સંખ્યાઃ૮૦
ખાલી ખુરશી અને ભરેલી યાદો,
બસ તને જોવાની જિદ્દ કરે છે.

તું મને તારી યાદોમાં લઈ લે,
બસ તને મળવાની જિદ્દ કરે છે.

આંખ તને જોવાની વાત કરે છે,
રોજ રોજ તને મળવાની જિદ્દ કરે છે.

હળવેકથી સ્પર્શ ની ચાહત કરે છે,
આમ ખાલી ખુરશી તને મળવાની જિદ્દ કરે છે.

પ્રત્યેક ક્ષણ તારી યાદોમાં વહે છે,
બસ તારામાં ખોવાઈ જવાની જિદ્દ કરે છે.

આમ કશુંક બોલવાની ચાહત કરે છે,
તારી મીઠી મીઠી ભરેલી યાદો જિદ્દ કરે છે.

જયશ્રી વાઘેલા (મુંબઈ)

સુરતમાં બે અજાયબી : પહેલા માળે રેલવે સ્ટેશન અને અંબાજી મંદિર પણ! (સંત સુરા)

સુરતને જોવું હોય તો ઊંચું જોવું પડે, પહેલા માળે જોવું પડે. કારણ કે સુરતની બે સૌથી મોટી અજાયબી પહેલા માળે જ છે.

પહેલી અજાયબી — સુરત રેલવે સ્ટેશન. ૧૮૬૦માં બંધાયેલું. દસ્તાવેજો કહે છે કે તે જમીનથી પહેલા માળે છે. એશિયામાં આ પ્રકારનો પહેલો પ્રયોગ. તાપી કાંઠાનું શહેર, પૂરનો ભય, તેથી અંગ્રેજોએ સ્ટેશન ઊંચું બનાવ્યું. આજે ૧૬૫ વર્ષ પછી દુનિયા એલિવેટેડ સ્ટેશનની વાત કરે છે, સુરતે ત્યારે બનાવી દીધું હતું. આજે પણ અહીંથી રોજ ૧.૫૯ લાખ મુસાફરો પસાર થાય છે.

બીજી અજાયબી, એનાથી ૪૫૦ વર્ષ જૂની — ભાગળ સ્થિત પૌરાણિક શ્રી અંબાજી મંદિર.

૪૫૦ વર્ષથી આ મંદિર પહેલા માળે છે. નીચે બજારનો શોર, ઉપર ગર્ભ ગૃહમાં મા અંબાનો દરબાર. ઈતિહાસ કહે છે કે છત્રપતિ શિવાજી મહારાજ સુરતની સવારી વખતે અહીં દર્શને આવી ચૂક્યા છે. ત્યારથી આ મંદિર માત્ર મંદિર નથી, ઈતિહાસનું સાક્ષી છે.

આ મંદિરની રીત જુદી છે. અહીં શ્રીફળ છોતરા સહિત, ઉભું વધેરવામાં આવે છે. લોખંડની છરી કે કુહાડીથી નહીં, બાવળના એક જ લાકડામાંથી બનેલી સીંગલ પીસ મોગરીની ગદાથી. એક ઘામાં આખું નાળિયેર ઉભું ફાટે. જોનારને લાગે કે આ હાથનો કમાલ નથી, આસ્થાનો કમાલ છે.

અહીંની બાધા પણ સમય સાથે બદલાઈ છે. જૂના વખતમાં બાળકને વાચા મોડી આવે તો માતા-પિતા અહીં મરઘાં મૂકી જતા, બાળક બોલતું થાય એ બાધા સાથે. આજે એ પરંપરા બદલાઈ છે. હવે નિઃસંતાન મહિલાઓ મા પાસે આવે છે. મંદિર તરફથી તેમને ૬૪ ખંડનો પ્રસાદ નિઃશુલ્ક ખવડાવવામાં આવે છે, સંતાન પ્રાપ્તિની બાધા સાથે.

અને આ મંદિરની સૌથી મોટી ઓળખ — ચાંદીના રથની નગરચર્યા.

છેલ્લા ૫૮ વર્ષથી આ પરંપરા અતૂટ છે. નવરાત્રીમાં ગર્ભ ગૃહમાં બિરાજતા માતાજી દશેરાના દિવસે ચાંદીના રથમાં બિરાજી નગરચર્યાએ નીકળે છે. મા જાતે ભક્તોના ઘર આંગણે દર્શન આપવા જાય છે. ભાગળ, ચૌટા, ગોપીપુરાની શેરીઓમાં જ્યારે રથ નીકળે ત્યારે આખું જૂનું સુરત દર્શને ઉમટે છે.

આ આખી પરંપરાને આજે પણ જે વ્યક્તિએ અડીખમ સાચવી છે તે છે ગાદીપતિ કૈલાશ બા. ૯૦ વર્ષની ઢળતી ઉંમરે પણ તેઓ રોજ સેવામાં હાજર છે. આવનાર દરેક માઈ ભક્તને આશીર્વાદ આપે છે.

એક પહેલા માળે ૧૮૬૦થી એન્જિન દોડે છે, જે સુરતને દુનિયા સાથે જોડે છે. બીજા પહેલા માળે ૪૫૦ વર્ષથી મા દોડે છે, જે સુરતને તેના મૂળ સાથે જોડે છે.

એક અજાયબી વિકાસની, બીજી અજાયબી વિશ્વાસની. અને બંને પહેલા માળે!
લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

કોંગ્રેસના ગઢ થોરિયાળી તાલુકા પંચાયત બેઠક પર ચૂંટણીઃરાજકોટમાં પેટા ઇલેક્શનમાં ભાજપ

રાજકોટના પડધરીની થોરિયાળી - ખોડાપીપરની તાલુકા પંચાયત બેઠક પર પેટાચૂંટણીનું મતદાન આજે છે ત્યારે વર્ષ ૧૯૯૫ થી કોંગ્રેસ પાસે રહેલી આ સીટ આ વખતે તેમને જ મળશે તેવો વિશ્વાસ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે તો બીજી તરફ ભાજપના ઉમેદવાર આ વખતે જીતશે તેવું તેમના મોટા ભાઈ અને રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર દ્વારા કહેવામાં આવ્યું છે. જ્યારે અહીં અપક્ષ ઉમેદવાર સુરેશ પારીયા પણ મેદાનમાં છે. અહીં સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધીમાં ૨૯.૭૯ ટકા મતદાન થયું હતું.ટંકારા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય લલિત કાગથરાએ જણાવ્યું હતું કે, મારે હવે ચૂંટણી લડવી નથી પણ કોંગ્રેસનો કોઈપણ ઉમેદવાર હોય તેમને જીતાડવા માટે તત્પરતા છે. જેથી આજે પડધરીની થોરિયાળી બેઠક પરની પેટાચૂંટણીમાં અમારા લક્ષ્મણભાઈ શિંગાળા ચૂંટણી લડે છે. જ્યારે ભારતીય જનતા પાર્ટી તરફથી મહેશભાઈ અને એક અપક્ષ ઉમેદવાર છે. વર્ષ ૧૯૯૫થી કોંગ્રેસ તાલુકા પંચાયતની આ બેઠક જીતતી આવી છે.

પાટણમાં રોટરી ક્લબે નવરાત્રીમાં બાળાઓને પાણીપુરી ખવડાવીઃ જલારામ નમકીનના સહયોગથી ફ્રી ટ્યુશન ક્લાસમાં કરાઈ અનોખી ઉજવણી

પાટણ શહેરના અધાડા દરવાજા બહાર આવેલા ફ્રી ટ્યુશન ક્લાસમાં નવરાત્રીના પહેલા દિવસે એક અનોખી ઉજવણી થઈ. જલારામ નમકીનના કલ્પેશભાઈ અને વસંતભાઈના સહયોગથી અહીં નવદુર્ગા સ્વરૂપ બાળાઓ માટે અનલિમિટેડ પાણીપુરીના પ્રસાદનું આયોજન કરાયું હતું.

જુનિયરથી બોર્ડ સુધીના બાળકો માટે ચાલતા આ ક્લાસમાં બાળાઓએ પાણીપુરીની ખૂબ મજા માણી. તેમણે આ પ્રસંગે ખુશી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ પાટણના પ્રમુખ શૈલેષ સોની, મંત્રી રણછોડભાઈ પટેલ અને પૂર્વ કોર્પોરેટર મનોજભાઈ પટેલ સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતા.



પ્રોફેસર રમેશ રાવતે સિક્કિમના ગંગટોકથી દિલ્હી સ્થિત ભાજપ કેન્દ્રીય કાર્યાલયમાં ભાજપના રાજ્યસભા સાંસદ ડૉ. સતીશ પુનિયાની સૌજન્ય મુલાકાત લીધી અને શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા



રાજસ્થાનના જયપુર જિલ્લાના ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલમાં અશોક વિહાર કોલોનીના રહેવાસી અને હાલમાં સિક્કિમની રાજધાની ગંગટોકમાં સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે સેવા આપતા પ્રોફેસર રમેશ કુમાર રાવત, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ, પંજાબ અને જમ્મુ અને કાશ્મીરના પ્રભારી, ભાજપના રાજ્યસભા સાંસદ, ભાજપના રાજસ્થાનના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ, હરિયાણા રાજ્યના ભૂતપૂર્વ પ્રભારી, ભારતના રાજસ્થાનના સાદુલપુર શહેરના પુનિયા પરિવારના રત્ન, ભારતના લોકો દ્વારા પ્રિય, લોકોના પ્રિય, હસતા ચહેરા, બધા દ્વારા પ્રિય, ભારતના લોકપ્રિય ભાજપ રાષ્ટ્રીય નેતા, સંત અને સરળ સ્વભાવના, બધા દ્વારા પ્રિય, મૈત્રીપૂર્ણ, મૃદુભાષી અને તાજેતરમાં ભાજપ અનુસૂચિત જનજાતિ (જી) મોરચાના રાષ્ટ્રીય પ્રભારી તરીકે નિયુક્ત થયેલા ડૉ. સતીશ પુનિયાની સૌજન્ય મુલાકાત દિલ્હીમાં ભાજપ કેન્દ્રીય કાર્યાલય ખાતે કરી હતી અને પંજાબ અને જમ્મુ અને કાશ્મીરના પ્રભારી, ભાજપ અનુસૂચિત જનજાતિ (જી) મોરચાને શુભેચ્છાઓ પાઠવી હતી. મોરચાના રાષ્ટ્રીય પ્રભારી બનવા બદલ ડૉ. સતીશ પુનિયાને હૃદયપૂર્વક અભિનંદન અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા!

આ પ્રસંગે, પ્રોફેસર રમેશ કુમાર રાવત, સિક્કિમના ગંગટોકથી દિલ્હી પહોંચ્યા પછી, દિલ્હીમાં ભાજપ કેન્દ્રીય કાર્યાલયમાં ડૉ. સતીશ પુનિયાના કાર્યાલયમાં તેમને મળ્યા અને તેમના ગળામાં સિક્કિમ રાજ્યના રુદ્રાક્ષના ઝાડમાંથી તોડીને પક્ષીની ચાંચમાંથી પડેલો ઓમકાર લખેલો કુદરતી મૂળ પાંચ મુખી રુદ્રાક્ષ પહેરાવ્યો, તેમના પર પટકા પહેરાવ્યો, તેમને શ્રી વિષ્ણુ પુરાણનો પુસ્તક અને ભગવાન બુદ્ધની પ્રતિમા ભેટમાં આપી, અને ડૉ. સતીશ પુનિયાને ભાજપ હાઈકમાન્ડ દ્વારા નવી જવાબદારી સોંપવા બદલ અભિનંદન પાઠવ્યા, તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી અને તેમના આશીર્વાદ લીધા! પ્રોફેસર રમેશ કુમાર રાવતે પણ આશા વ્યક્ત કરી કે જ્યારે પણ ડૉ. સતીશ પુનિયાને રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી સહિત દેશભરમાં વિવિધ સ્થળોએ કેન્દ્રીય નેતૃત્વ અને હાઈકમાન્ડ દ્વારા જવાબદારી સોંપવામાં આવી છે, ત્યારે તેમણે તેને અનુકરણીય જવાબદારીઓ સાથે પૂર્ણ કરી છે, સકારાત્મક અને સકારાત્મક પરિણામો આપ્યા છે, તે બધી જગ્યાએ ભાજપને મજબૂત બનાવ્યું છે. ત્યાં ભાજપનો ધ્વજ લહેરાવીને અને ભાજપની સરકાર બનાવીને, તેમણે પોતાની રાજકીય કુનેહ દર્શાવી છે અને ભાજપના સાચા સૈનિક તરીકેની પોતાની સ્થિતિ સાબિત કરી છે. તેવી જ રીતે, ડૉ. સતીશ પુનિયાના નેતૃત્વમાં, ભાજપ પંજાબ અને જમ્મુ અને કાશ્મીરમાં પણ નવા રેકોર્ડ બનાવશે!


૩ જુલાઈ, ૨૦૨૦ ના રોજ, ભાજપના સાચા સૈનિક ડૉ. સતીશ પુનિયાએ વિશ્વના પ્રથમ હિન્દી ન્યૂઝ પોર્ટલ, વેબદુનિયાના તે સમયના વૈશ્વિક પત્રકાર ડૉ. રમેશ કુમાર રાવતને એક ઇન્ટરવ્યુ આપ્યો. ડૉ. સતીશ પુનિયાએ કહ્યું, ×મારું માનવું છે કે સત્તા કે પદ માટે કોઈ સંઘર્ષ ન હોવો જોઈએ. જોકે, મને આશા છે કે જેમ પાર્ટીએ મને રાજસ્થાનના રાજ્ય પ્રમુખ તરીકે નિયુક્ત કરીને સન્માનિત કર્યો હતો, તેમ ભવિષ્યમાં પણ મારા કાર્યને ધ્યાનમાં રાખીને મારું સન્માન કરશે.× આ ઇન્ટરવ્યુમાં ડૉ. સતીશ પુનિયાની ઉપરોક્ત ટિપ્પણીઓ ઘણી વખત સાબિત થઈ છે, જેમાં હરિયાણાના પ્રભારી તરીકે, રાજ્યસભાના સભ્ય (સૅ) તરીકે, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરીકે, પંજાબ અને જમ્મુ અને કાશ્મીરના પ્રભારી તરીકે અને ભાજપ અનુસૂચિત જનજાતિ (જી) મોરચાના રાષ્ટ્રીય પ્રભારી તરીકે તેમની નિમણૂકનો સમાવેશ થાય છે. ભાજપમાં તેમનું કદ સતત વધ્યું છે! આ પણ સાબિત કરે છે કે ભાજપ જે કહે છે તે કરે છે.


અમદાવાદમાં ટ્રાફિક-પાર્કિંગની મુશ્કેલીઓના કારણે કેબ, રાઇડ અને સાયકલનો ક્રેઝ

અમદાવાદમાં હવે પોતાનું વાહન રાખવાને બદલે ભાડે લીધેલી કેબ, બાઈક કે સાયકલનો ટ્રેન્ડ વધ્યો છે. સ્માર્ટફોન એપ્સ દ્વારા સરળ બુકિંગ સુવિધાને કારણે લોકોની મુસાફરીની આદતો બદલાઈ છે. અમદાવાદ જંક્શન પર સપ્ટેમ્બર ૨૦૨૫થી ૧૦ લાખથી વધુ કેબ બુકિંગ થયા છે, જ્યારે સાબરમતી સ્ટેશન પર ૧.૫ લાખથી વધુ બાઈક રાઈડ્સ નોંધાઈ છે. ટૂંકા અંતર અને પાર્કિંગ સમસ્યા માટે આ વિકલ્પો લોકપ્રિય બન્યા છે. એક સમય હતો જ્યારે પરિવારની સામાજિક ઓળખ ઘરની બહાર પાર્ક કરેલા વાહનોથી થતી હતી. જો કે, આજે બદલાતા શહેરી જીવનમાં અનેક લોકોને સવાલ થાય છે કે, આ ભયાનક ટ્રાફિક અને પાર્કિંગની મુશ્કેલીઓ વચ્ચે પોતાનું વાહન રાખીને તેનો ખર્ચ ઉઠાવવો કે જરૂરિયાત મુજબ કેબ, બાઈક કે સાયકલ ભાડે લઈને મુસાફરી કરવી? સ્માર્ટફોન અને વિવિધ એપ દ્વારા સરળતાથી વાહન બુક કરવાની સુવિધાએ લોકોની મુસાફરીની આદતોમાં મોટો ફેરફાર લાવ્યો છે. ખાસ કરીને અમદાવાદ, સુરત કે રાજકોટ જેવા ઝડપથી વિસ્તરતા શહેરમાં રેલવે સ્ટેશન કે એરપોર્ટથી ઘર સુધી પહોંચવા, ઓફિસ જવા કે ટૂંકા અંતરની મુસાફરી માટે કેબ, બાઈક રાઇડ કે શેર કરવાના વિકલ્પો ઝડપથી લોકપ્રિય બની રહ્યા છે.

નવરાત્રિ મહોત્સવમાં ટેટૂ આકર્ષણનું કેન્દ્ર બને છે.....!









અમદાવાદ : નવરાત્રિ મહોત્સવમાં રાસ ગરબે રમવા માટે યુવાનો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. અવનવા પરંપરાગત પહેરવેશની સાથે 'બોડી પર ટેમ્પરરી ટેટૂ' ચિતરાવવાનો પણ ટ્રેન્ડ વધ્યો છે.છેલ્લા કેટલાક વર્ષોથી શરીરના જુદા જુદા અંગો પર દરેક વય જૂથના લોકો 'પરમેનેન્ટ અને ટેમ્પરરી' બંન્ને પ્રકારના ટેટૂ ચિતરાવતા હોય છે.નવરાત્રિ જેવા મોટા મહોત્સવ દરમિયાન સાંપ્રત વિષયો પર ટેમ્પરરી ટેટૂ ચિતરાવવાનો ટ્રેન્ડ વધ્યો છે. કેટલાક ટેટૂમાં સમાજ સુધી સકારાત્મક સંદેશો પહોંચાડવાનો પણ પ્રયાસ કરવામાં આવે છેઅઢાર વર્ષ કરતાં પણ વધારે સમયથી ટેટૂ આર્ટ સાથે જોડાયેલા રાજુભાઈ વાળંદ કહે છે દર વર્ષે દેશ દુનિયામાં બનતી મોટી ઘટનાને યુવાનો નવરાત્રિ દરમિયાન ટેમ્પરરી ટેટૂ દોરાવી સંદેશો આપવા પ્રયાસ કરે છે. આ સાથે દરેક વય જૂથના લોકો શરીર પર અવનવી ડિઝાઈન વાળા ટેટૂ પણ ચિતરાવતા હોય છે.આ વર્ષે સમગ્ર ઉડતા વિમાનમાં લોકોનો જીવ બચાવી અસાધારણ બહાદુરી બતાવનાર સ્મિત મચ્છર, કોમન વેલ્થ ૨૦૩૦, નેપાળની કુદરતી હોનારત જેવી અનેક ઘટનાઓ પ્રસ્તુત કરવામાં આવી છેઆ જુદા જુદા ફૂલ જેવી ડિઝાઈન પણ ટેમ્પરરી ટેટૂ દ્વારા શરીર પર દોરવામાં આવી છે. નવરાત્રિ જેવા મોટા મહોત્સવમાં આ પ્રકારના ટેટૂ આકર્ષણનું કેન્દ્ર બને છે. -વસંત મહેતા (સિનિયર પત્રકાર -લેખક)

સુરતના ડો. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં મોટી કાર્યવાહીઃ ભાવનગર અને રાજુલાની ૨ મહિલા ડોક્ટરની ધરપકડ, ૨ આરોપી હજુ ફરાર

સુરતની નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં ખટોદરા પોલીસે મોટી કાર્યવાહી કરી છે. રેગિંગ અને દુષ્પ્રેરણાના ગુનામાં સંડોવાયેલી ૨ મહિલા ડૉક્ટર દિક્ષીતા ઘેવરિયા અને હિના ભૂતની ધરપકડ કરવામાં આવી છે. ૮મી ઓગસ્ટે બનેલી આ ઘટનામાં પોલીસને વોટ્સએપ ચેટ જેવા મહત્વના પુરાવા મળ્યા છે. અન્ય ૨ ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ન્યૂ પી.જી. હોસ્ટેલમાં રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં ખટોદરા પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ કેસમાં સંડોવાયેલી બે મહિલા ડૉક્ટરની ધરપકડ કરી લીધી છે, જ્યારે આ કેસમાં સામેલ અન્ય બે ફરાર આરોપીઓની શોધખોળ સઘન બનાવી દેવામાં આવી છે.

ખટોદરા પોલીસના જણાવ્યાનુસાર, સુરત સિવિલ હોસ્પિટલ કેમ્પસની હોસ્ટેલમાં આઠમી ઓગસ્ટની મધ્યરાત્રિએ રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાએ આપઘાત કર્યો હતો. આ મામલે હોસ્પિટલ તંત્ર દ્વારા ફેક્ટ-ફાઈન્ડિંગ અને મેડિકલ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટીના પ્રાથમિક રિપોર્ટમાં રેગિંગ થયું હોવાનું સામે આવ્યા બાદ, મૃતકના પિતા દ્વારા ૧૫મી ઓગસ્ટના રોજ એટ્રોસિટી અને દુષ્પ્રેરણ (આપઘાત માટે મજબૂર કરવા) અંગેનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.પોલીસે આ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓ પૈકી ભાવનગરની ૨૫ વર્ષીય દિક્ષીતા ઘેવરિયા અને રાજુલાની ૨૭ વર્ષીય હિના ભૂતની ધરપકડ કરી છે. રેગિંગ કમિટીના અહેવાલ



મુજબ, ભોગ બનનાર ડૉક્ટરને માનસિક ત્રાસ આપવામાં અને દુષ્પ્રેરણા કરવામાં આ બંનેની ભૂમિકા સક્રિય રહી હતી. પોલીસે બંને આરોપીઓને કાયદાકીય સમયમર્યાદામાં કોર્ટ સમક્ષ રજૂ કર્યા છે.

તપાસ દરમિયાન પોલીસે બે મુખ્ય પુરાવાઓ રેગિંગ કમિટીનો પ્રાથમિક રિપોર્ટ અને અન્ય તબીબો દ્વારા આપવામાં આવેલી વોટ્સએપ ચેટ તથા કમ્યુનિકેશનને આધારે કડક કાર્યવાહી કરી છે, જેમાં મૃતકને થતી માનસિક તકલીફો ઉજાગર થઈ હતી. મૃતકનું એડમિશન માર્ચ-એપ્રિલ મહિનામાં થયું હોવાથી છેલ્લા ત્રણ-ચાર મહિનાથી તેને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ કેસમાં હજુ અન્ય બે આરોપીઓ અનુજ મહેશ્વરી અને નિરાલી વસાવેને પકડવાના બાકી છે. તેઓ અગાઉ આગોતરા જામીન અને ક્વોશિંગ પિટિશન માટેની કાયદાકીય પ્રક્રિયામાં હતા તેમજ પોલીસ પકડથી બચવા સગા-સંબંધીઓ અને મિત્રોના ઘરે આશરો લઈને છુપાતા ફરતા હતા. પોલીસ દ્વારા આ બંને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

અમદાવાદઃ મકરબામાં પીજી ચલાવતા વૃદ્ધાને શેરબજારમાં રોકાણની લાલચ ભારે પડી

અમદાવાદના મકરબા વિસ્તારમાં ૭૪ વર્ષીય વૃદ્ધા રોમાબહેન પંજાબી સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ફેસબુક પર શેરબજારમાં રોકાણની લોભામણી જાહેરાત જોઈ તેમણે રજીસ્ટ્રેશન કર્યું હતું. પ્રોક્સટ્રેન્ડ કંપનીના એજન્ટ તરીકે ઓળખ આપી ઠગ મંડળીએ ટેલિગ્રામ અને સ્ક્રીન શેરિંગ દ્વારા તેમને જાળમાં ફસાવ્યા હતા. શેર અને ગોલ્ડમાં રોકાણના બહાને કુલ ૧૬.૧૭ લાખ રૂપિયા પડાવી લેવાયા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના મકરબા વિસ્તારમાં એકલા રહી પીજી (ૅ) ચલાવતા ૭૪ વર્ષીય વૃદ્ધા ફેસબુક પર શેરબજારમાં રોકાણ કરી મોટો નફો કમાવવાની લોભામણી જાહેરાતનો શિકાર બનીને લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. ઠગ મંડળીએ પ્રોક્સટ્રેન્ડ (ૅિીહિઙ્ક) કંપનીના એજન્ટ તરીકેની ઓળખ આપી, ટેલિગ્રામ અને મોબાઈલ સ્ક્રીન શેરિંગથી વૃદ્ધાને જાળમાં ફસાવી શેર તથા ગોલ્ડમાં રોકાણ કરાવવાના બહાને કટકે-કટકે કુલ ૧૬.૧૭ લાખ રૂપિયાથી વધુની રકમ પડાવી લીધી હતી. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સિટી ગાઇડ જુઓ

મળતી માહિતી અનુસાર, મકરબા ખાતે રહેતા ૭૪ વર્ષીય રોમાબહેન પંજાબી ગત પાંચમી મેના રોજ ફેસબુક જોઈ રહ્યા હતા, ત્યારે તેને શેરબજારમાં રોકાણ અંગેની એક આકર્ષક જાહેરાત દેખાઈ હતી. જાહેરાતની લિંક પર ક્લિક કરતાં ૂટ્ઠહેંદ્ધ.ર્ઙ્ઘ નામની વેબસાઇટ ખુલી હતી, જેમાં તેમણે પોતાની વિગતો ભરી હતી. બીજા જ દિવસે તેમને અભિષેક નામની વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેણે પોતાની ઓળખ પ્રોક્સટ્રેન્ડ કંપનીના એજન્ટ તરીકે આપી હતી. અભિષેકે ટેલિગ્રામ આઈડીથી સંપર્ક કરી રોમાબહેનના મોબાઈલમાં સ્ક્રીન શેરિંગ કરાવી ૅિીહિઙ્ક.ર્ઙ્ઘ પર એકાઉન્ટ ઓપન કરાવ્યું હતું અને ઝૂમ વીડિયો કોલ મારફતે અલગ-અલગ યુ.પી.આઈ. (ૅ) આઈડી આપી શેર ખરીદવાના નામે નાણાં ટ્રાન્સફર કરાવવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે ૨૫મી મેના રોજ અભિષેકે નફા પેટે ૨૮૦૦ રૂપિયા પરત કર્યા હતા. ત્યારબાદ રોમાબહેનના મોતિયાના ઓપરેશન પછી, પહેલી જૂનથી દીપક નામના શખસે વિવિધ વિદેશી નંબરો પરથી સંપર્ક કરીને એકાઉન્ટ ઓપરેટ કરવાના બહાને શેર અને ગોલ્ડમાં વધુ રોકાણ કરાવી મોટા પ્રમાણમાં રકમ જમા કરાવી લીધી હતી. જ્યારે બોગસ એકાઉન્ટમાં ૧૭ લાખ રૂપિયા જેટલો નફો બતાવતો હતો, ત્યારે રોમાબહેનને નાણાંની જરૂર હોવાથી તેમણે રકમ વિડ્રોઅલ કરવાની માગ કરી હતી. ત્યારબાદ રાધિકા અને ભારતી નામની મહિલાઓએ ફોન કરી હોલ્ડિંગ ફી તરીકે ૧,૫૫,૦૦૦ રૂપિયા માગ્યા હતા, જે ફરિયાદીએ ચૂકવી દીધા હતા.હોલ્ડિંગ ફી આપ્યા છતાં રકમ પરત ન મળતાં ૨૩ અને ૨૪મી સપ્ટેમ્બરના રોજ દુપદા રામાક્રિષ્ના નામના શખસે ફોન કરીને રકમ ખાતામાં જમા કરાવવા માટે પાંચ લાખ રૂપિયા ઈન્કમટેક્સ ભરવો પડશે તેમ કહી વધુ પૈસાની માગણી કરી હતી. વારંવાર નવા બહાના હેઠળ ચાર્જના નામે પૈસા માગવામાં આવતાં રોમાબહેનને શંકા ગઈ હતી.

માર્ગ અને મકાન વિભાગ ચિંતન શિબિર ૨૦૨૬

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૮ અને ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે પ્રથમ વિભાગીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિંતન શિબિરની થીમ "ગતિ, ગુણવત્તા, ગૌરવ: વિકસિત ગુજરાત જ૨૦૪૭ માટે માળખાકીય સુવિધાઓને વેગ" રાખવામાં આવી હતી. આ કાર્યક્રમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના અવિરત જાહેર સેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ચિંતન શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે કીનોટ એડ્રેસ પણ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની નોંધ લઈને વિભાગના પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સરકારના મહત્વના વિભાગ તરીકે માર્ગ અને મકાન વિભાગ રસ્તા, પુલ અને કનેક્ટિવિટી જેવી માળખાકીય સુવિધાઓના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે, જેનો સીધો લાભ નાગરિકોને મળે છે.ચિંતન શિબિરની પરંપરાનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલી ચિંતન શિબિરની પહેલનો મુખ્ય ઉદ્દેશ અધિકારીઓને સાથે મળીને વિચારવા, ચર્ચા કરવા અને કાર્ય કરવાની તક આપવાનો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, "ઝ્રદ્બિહજ્ઞ ખ્રીરીજિ ીરી હ્વીજ્ઞેહહેજ્ઞ, ૈહોહજ્ઞ ખ્રીરીજિ ંિીજિ, ઠ્ઠહઙ્કુીહજ્ઞ ખ્રીરીજિ જેજ્ઞષ્ઠીજ." મુખ્યમંત્રીશ્રીએ 'સ્વયંથી વ્યયમ્'ના ધ્યેય સાથે ચિંતન શિબિરો દ્વારા સતત શીખવાની, વિચારવાની અને સાથે મળીને આગળ વધવાની ભાવનાને આગળ ધપાવવા પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે માર્ગ અને મકાન વિભાગનાં ત્રણ મહત્વપૂર્ણ પુસ્તકોનું, "જીજ્ઞહઙ્કજ્ઞી જીઁ ઠ્ઠજીૅિ ઽ્છઈઝ ઝ્રદ્બદ્બીી ઈીર્ઙ્ઘદ્બહહઙ્કર્રૈહ", "ભ્રિઙ્કૈહજ્ઞ ઝ્ઊીઙ્કઙ્કર સ્ર્દ્રેહિજ્ઞ" અને "ભ્રૈઙ્કિજ્ઞી છજજી સ્કહઙ્કજ્ઞીદ્બીહં", નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસએ પણ પ્રાસંગિક ઉદબોધનમાં "માર્ગ અને મકાન વિભાગ પૌરાણિક સમયથી સૌથી લોકપ્રિય ડિપાર્ટમેન્ટ રહેલો છે."તેમ જણાવ્યું હતું.તથા રામ સેતુ અને ભીમ સેતુનો પણ ઉલ્લેખ કર્યો હતો. વધુમાં,આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવશ્રી જવલંત ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ચિંતન શિબિરમાં ખાસ સચિવશ્રી જે.એ. ગાંધી દ્વારા ઉપસ્થિત માર્ગ અને મકાન વિભાગ પરિવારને વિભાગના પ્રત્યેક કાર્યમાં "ગતિ,ગુણવત્તા,ગૌરવ"ની સંકલ્પનાને સાકાર કરવા શપથ લેવડાવ્યા હતા,આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્ય સચિવશ્રી એમ.કે. દાસ સહિત ઉપસ્થિત આમંત્રિત મહાનુભાવોએ પણ શપથ ગ્રહણ કરી આ સંકલ્પમાં સહભાગી બની પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ચિંતન શિબિર દરમિયાન અમદાવાદ સ્થિત હરે કૃષ્ણ મિશનના ઉપાધ્યક્ષ પૂજ્ય શ્રી શ્રી રાયા રામ દાસજી દ્વારા પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ઈજનેરોના શારીરિક સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરતાં ડૉ. આલાપ શાહ દ્વારા "ઈર્ઙ્મિહદ્બૈષ્ઠજ કઁિહજ્ઞેહીીજિ" વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. મુખ્યમંત્રીશ્રીની કચેરીના ઁ શ્રી વિવેક ત્રિવેદી દ્વારા "ઈકકીષ્ઠૈટ્ટી જીષ્ઠૈઠ્ઠઙ્ક સીદ્બૈઠ્ઠ ઉૅઠ્ઠહઙ્કઙ્મૈહજ્ઞ કર્ઙ્ઘીહિદ્બીહં ર્દ્બીંઠ્ઠદ્બીહંજ" વિષય પર એક્સપર્ટ લેક્ચર આપવામાં આવ્યું હતું. ગુજરાત યોગ બોર્ડના અધ્યક્ષ યોગસેવક શ્રી શિશપાલ રાજપૂતના માર્ગદર્શન હેઠળ ૯ ઓક્ટોબરના રોજ સવારે ૭ વાગે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે યોગ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિભાગમાં સારી કામગીરી કરનાર ટેક્નિકલ અને વહીવટી અધિકારીઓને પ્રોત્સાહિત કરવા માટે તાજેતરમાં શરૂ કરવામાં આવેલા વિભાગીય સ્તરના ર્ઙ્ઘીહિઙ્કહહીીંકિદ્બિઠ્ઠહહીીં હ્વીટ (ૅં) હેઠળ ટોચના ક્રમાંક પ્રાપ્ત કરનાર અધિકારીઓને ૅંછુઠ્ઠદ્બિજ એનાયત કરવામાં આવ્યા હતા.

આ બે દિવસીય ચિંતન શિબિરમાં વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. માર્ગ અને મકાન વિભાગની કામગીરી સાથે સંકળાયેલા પાંચ મુખ્ય વિષયો પર ર્હ્વષ્ઠેજ યૅંજિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમાં માર્ગ સંબંધિત પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ, ગુણવત્તા, જાળવણી અને માર્ગ સલામતી; સરકારી ઈમારતોની ડિઝાઈન, બાંધકામની ગુણવત્તા અને ટકાઉપણું; પુલોની સલામતી, નિયમિત નિરીક્ષણ અને આધુનિક મોનિટરિંગ વ્યવસ્થા; માનવ સંસાધનનું ક્ષમતા નિર્માણ, તાલીમ અને કૌશલ્ય વિકાસ; તેમજ ટેકનોલોજીનો ઉપયોગ, પ્રક્રિયામાં સુધારા અને પારદર્શક કાર્યપદ્ધતિ જેવા વિષયોનો સમાવેશ થાય છે.આ ચિંતન શિબિર માત્ર બે દિવસનો કાર્યક્રમ ન રહેતાં, તેની તૈયારી માટે વિભાગ દ્વારા આશરે ૩૦ દિવસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વિભાગના "હ્વદ્બિંરી યૅંહ્વ" અભિગમ હેઠળ સૌપ્રથમ વર્તુળ (ઝ્રેષ્ઠિઙ્મી) કક્ષાએ નાની ચિંતન શિબિરો યોજવામાં આવી હતી. આ પ્રક્રિયામાં ફિલ્ડ પર કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓને પોતાની કામગીરી દરમિયાન અનુભવાતી સમસ્યાઓ, સુધારાની તકો અને અમલમાં મૂકી શકાય તેવા ઉકેલો રજૂ કરવાની તક આપવામાં આવી હતી. વર્ક આસિસ્ટન્ટથી લઈને ચીફ એન્જિનિયર સુધીના વિવિધ સ્તરના અધિકારીઓએ પોતાના અનુભવો અને સૂચનો રજૂ કર્યા હતા. આ સૂચનોને એકત્રિત કરીને તેના પર ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ વિભાગીય સ્તરની ચિંતન શિબિરમાં વ્યાપક વિચારવિમર્શ માટે રજૂ કરવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ટ્રાફિક-પાર્કિંગની મુશ્કેલીઓના કારણે કેબ, રાઇડ અને સાયકલનો ક્રેઝ, લોકોની મુસાફરીની આદત બદલાઈ

અમદાવાદમાં હવે પોતાનું વાહન રાખવાને બદલે ભાડે લીધેલી કેબ, બાઈક કે સાયકલનો ટ્રેન્ડ વધ્યો છે. સ્માર્ટફોન એપ્સ દ્વારા સરળ બુકિંગ સુવિધાને કારણે લોકોની મુસાફરીની આદતો બદલાઈ છે. અમદાવાદ જંક્શન પર સપ્ટેમ્બર ૨૦૨૫થી ૧૦ લાખથી વધુ કેબ બુકિંગ થયા છે, જ્યારે સાબરમતી સ્ટેશન પર ૧.૫ લાખથી વધુ બાઈક રાઈડ્સ નોંધાઈ છે. ટૂંકા અંતર અને પાર્કિંગ સમસ્યા માટે આ વિકલ્પો લોકપ્રિય બન્યા છે. એક સમય હતો જ્યારે પરિવારની સામાજિક ઓળખ ઘરની બહાર પાર્ક કરેલા વાહનોથી થતી હતી. જો કે, આજે બદલાતા શહેરી જીવનમાં અનેક લોકોને સવાલ થાય છે કે, આ ભયાનક ટ્રાફિક અને પાર્કિંગની મુશ્કેલીઓ વચ્ચે પોતાનું વાહન રાખીને તેનો ખર્ચ ઉઠાવવો કે જરૂરિયાત મુજબ કેબ, બાઈક કે સાયકલ ભાડે લઈને મુસાફરી કરવી? સ્માર્ટફોન અને વિવિધ એપ દ્વારા સરળતાથી વાહન બુક કરવાની સુવિધાએ લોકોની મુસાફરીની આદતોમાં મોટો ફેરફાર લાવ્યો છે. ખાસ કરીને અમદાવાદ, સુરત કે રાજકોટ જેવા ઝડપથી વિસ્તરતા શહેરમાં રેલવે સ્ટેશન કે એરપોર્ટથી ઘર સુધી પહોંચવા, ઓફિસ જવા કે ટૂંકા અંતરની મુસાફરી માટે કેબ, બાઈક રાઈડ કે શેર કરવાના વિકલ્પો ઝડપથી લોકપ્રિય બની રહ્યા છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat